શ્રીયકનો એક પ્રસંગ માર્મિક તેમ જ અત્યંત હૃદયદ્રાવક છે. શ્રીયકનું શરીર અત્યંત કોમલ હતું. એકાશન તપ કરવું પણ તેમને માટે કઠિન હતું. એક વાર મોટીબહેન સાધ્વી યક્ષા દ્વારા પ્રેરણા પામીને તેમણે પર્યુષણ પર્વના દિવસોમાં અનુક્રમે પોરિસી, સાડ્ઢપોરિસી અને અવડ્ઢનું પચ્ચક્ખાણ કરી ભોજનનો ત્યાગ કર્યો. તેમ કરતાં સાંજ થવા આવી. મોટીબહેન યક્ષા સાધ્વીએ કહ્યું કે, "ભાઈ મહારાજ! રાત્રિ નજીક છે; પર્યુષણ પર્વ ચાલી રહ્યાં છે; તેથી ઉપવાસ કરી લ્યો." મોટીબહેનના કહેવાથી શ્રીયકે ઉપવાસ કર્યો. રાત્રિમાં ભયંકર વેદના થઈ. ક્ષુધા અસહ્ય થઈ, છતાં દેવગુરુનું સ્મરણ કરતાં કરતાં શ્રીયક સ્વર્ગવાસી થયા. ભાઈનો સ્વર્ગવાસ સાંભળી યક્ષા સાધ્વીને તીવ્ર આઘાત થયો. ભાઈના આ આકસ્મિક કાળધર્મનું નિમિત્ત પોતાને માનતી તે ઉદાસ રહેવા લાગી. મુનિઘાત જેવું ભયંકર પાપ પોતાથી થયું માની તેના પ્રાયશ્ચિત્ત માટે તે સંઘ સમક્ષ ઉપસ્થિત થઈ. શ્રીસંઘ યક્ષા સાધ્વીને નિર્દોષ માનતો હતો. તેથી કોઈ દંડ આપ્યો નહિ. એનાથી યક્ષા સાધ્વીને સંતોષ ન થયો. તેમણે અન્નજળનો ત્યાગ કર્યો. શ્રીસંઘની સામૂહિક પ્રાર્થનાથી શાસનદેવી પ્રગટ થયાં. તે શાસનદેવી યક્ષા સાધ્વીના મનના સંતાપને દૂર કરવા મહાવિદેહ ક્ષેત્રમાં શ્રી સીમંધરસ્વામી પાસે લઈ ગઈ. શ્રી સીમંધરસ્વામીએ યક્ષા સાધ્વીને કહ્યું કે, "મુનિ શ્રીયકના મૃત્યુ માટે તમે દોષિત નથી." વીતરાગ પ્રભુનાં અમૃતમય વચન સાંભળી તેના મનનું સમાધાન થયું. અને જૈનશાસનમાં અત્યંત પ્રસિદ્ધ ચાર ચૂલિકાની પ્રાપ્તિ શ્રી સીમંધરસ્વામી પાસેથી યક્ષા સાધ્વીને થઈ. એ ચાર ચૂલિકામાંથી બે ચૂલિકાઓનું સંયોજન દશવૈકાલિક સૂત્ર સાથે અને બે ચૂલિકાઓનું સંયોજન..........કરવામાં આવ્યું. એ ચૂલિકાઓ આજે..........અભિન્ન અંગ બની ગયેલ છે.

આચાર્ય સંભૂતિવિજયના શાસનકાળમાં આવાં અનેક પ્રભાવક સાધુ-સાધ્વીજીઓ થઈ ગયાં. આચાર્ય શ્રી સંભૂતિવિજયસૂરિજી મહારાજ ૪૮ વર્ષના દીક્ષાપર્યાયમાં છેલ્લાં ૮ વર્ષ યુગપ્રધાનપદ દીપાવી વીરનિર્વાણ સં. ૧૫૬ માં ૯૦ વર્ષની વયે સ્વર્ગવાસ પામ્યા.

### જેમની પાસે પૂર્વશ્રુત જ્ઞાનનો અગાધ ભંડાર હતો તે આગમ રચનાકાર, નિર્યુક્તિ નિર્માતા, નૈમિત્તિક પ્રભાવકપુરુષ

## આચાર્યદેવ શ્રીમદ્ ભદ્રબાહુસ્વામીજી મહારાજ

આચાર્યશ્રી ભદ્રબાહુસ્વામી અર્થયુક્ત ચૌદ પૂર્વોને જાણનારમાં છેલ્લા પૂર્વ-શ્રુતધર તેમ જ સમર્થ નિર્યુક્તિકાર અને સુપ્રસિદ્ધ ઉવસગ્ગહરં સ્તોત્રના રચયિતા હતા. આચાર્ય ભદ્રબાહુના દીક્ષાગુરુ અને શિક્ષાગુરુ આચાર્યશ્રી યશોભદ્રસૂરિ હતા. શ્રી યશોભદ્રસૂરિ આચાર્ય શ્રી શય્યંભવસૂરિના શિષ્ય હતા. શ્રી યશોભદ્રસૂરિના સંભૂતિવિજય અને શ્રી ભદ્રબાહુના મોટા ગુરુભાઈ હતા. શ્રી યશોભદ્રસૂરિ પછી જિનશાસનનું સુકાન શ્રી સંભૂતિવિજયે સાંભળ્યું હતું. આચાર્યશ્રી સંભૂતિવિજય પછી જિનશાસનનું ઉત્તરદાયિત્વ શ્રી ભદ્રબાહુસ્વામીએ સંભાળ્યું હતું. આથી

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

પટ્ટપરંપરાના ક્રમ પ્રમાણે આચાર્ય શ્રી ભદ્રબાહુસ્વામી ચરમ તીર્થંકર ભગવાન શ્રી મહાવીર પરમાત્માની શ્રમણ પરંપરામાં સાતમા પટ્ટધર હતા.

શ્રી ભદ્રબાહુ 'પ્રાચીન' ગોત્રના હતા. તેમનો જન્મ વીરનિર્વાણ સં. ૯૪ માં થયો હતો. તેમની શરીરસંપત્તિ ઉત્તમ હતી. તેમની ભુજાઓ લાંબી, સુંદર અને સુદૃઢ હતી. લક્ષણ-શાસ્ત્ર મુજબ લાંબી ભુજાઓ ઉત્તમ પુરુષોને હોય છે. શ્રી ભદ્રબાહુએ આચાર્યશ્રી યશોભદ્રસૂરિ પાસે વીરનિર્વાણ સં. ૧૩૯ માં દીક્ષા ગ્રહણ કરી હતી. ગુરુની પાસે ૧૭ વર્ષ રહી તેમણે આગમોનું ગંભીર અધ્યયન કર્યું હતું. પૂર્વોનું સંપૂર્ણ શ્રુતગ્રહણ કર્યું હતું. આચાર્ય યશોભદ્રસૂરિ પછી ધર્મસંઘનું સંચાલન શ્રી સંભૂતિવિજય પાસે આવ્યું હતું. આચાર્ય સંભૂતિ-વિજયનો શાસનકાળ ૮ વર્ષનો હતો. આચાર્ય સંભૂતિવિજયના શિષ્ય આચાર્ય સ્થૂલિભદ્ર હતા. આચાર્ય ભદ્રબાહુસ્વામી શ્રી સ્થૂલિભદ્ર કરતાં સંયમપર્યાયમાં મોટા હોવાને કારણે શ્રી ભદ્રબાહુ સ્વામીનું અનુભવજ્ઞાન અધિક પરિપક્વ હતું, એટલું જ નહિ, તેમની પાસે આગમજ્ઞાન અને પૂર્વશ્રુતનું જ્ઞાન અધિક હતું. ચૌદ પૂર્વનું સાર્થ જ્ઞાન મેળવી તેઓ ચૌદ પૂર્વના જ્ઞાતા બન્યા હતા. તે વખતે શ્રી સ્થૂલિભદ્ર ૧૧ અંગશાસ્ત્રના ધારક હતા. તેમને દૃષ્ટિવાદ (૧૨ મા અંગ)નું અધ્યયન સંપૂર્ણ બાકી હતું. તે વખતે તેઓ પૂર્વના જ્ઞાતા ન હતા. ગુરુ-શિષ્યની પરંપરાના આધારે આચાર્ય સંભૂતિવિજય પછી શ્રી સ્થૂલિભદ્રનો ક્રમ આવે; પણ યથાયોગ્ય એવા મહાજ્ઞાની આચાર્ય શ્રી ભદ્રબાહુસ્વામીને વીરનિર્વાણ સં. ૧૫૬ માં શ્રમણનાયકપદનું ઉત્તરદાયિત્વ સોંપાયું. અને જિનશાસન આચાર્ય ભદ્રબાહુ જેવા સામર્થ્યવાન, શ્રુતસંપન્ન અને અનુભવસંપન્ન વ્યક્તિત્વને પામીને કૃતાર્થ બન્યું.

કલ્પસૂત્ર સ્થવિરાવલીમાં શ્રી ભદ્રબાહુસ્વામીના ચાર મુખ્ય શિષ્યોનો ઉલ્લેખ છે : (૧) સ્થવિર ગોદાસ, (૨) સ્થવિર અગ્નિદત્ત, (૩) ભત્તદત્ત અને (૪) સોમદત્ત. પરિશિષ્ટ પર્વ મુજબ દૃઢ આચારના સબલ ઉદાહરણ રૂપ તેમને બીજા ચાર શિષ્ય પણ હતા. તે ચારેયે આચાર્ય શ્રી ભદ્રબાહુ પાસે રાજગૃહીમાં દીક્ષા ગ્રહણ કરી હતી. દીક્ષા ગ્રહણ કર્યા પછી ચારે મુનિઓએ શ્રુતની સાધના કરી; અને વિશેષ સાધનામાં પોતાનું જીવન જોડી દીધું. નિરહંકારી, પ્રિયભાષી, મિતભાષી, ધર્મપ્રવચનતત્પર અને દયાના ભંડાર એ મુનિઓએ આચાર્ય શ્રી ભદ્રબાહુસ્વામીની અનુજ્ઞા લઈને એકલવિહારની કઠિન ચર્યા અભિગ્રહપૂર્વક સ્વીકારી પ્રતિમા તપની સાધના કરવા લાગ્યા. ગ્રામાનુગ્રામ વિચરતાં ચારેય મુનિ એક વાર રાજગૃહીના વૈભારગિરિ ઉપર આવ્યા. તેઓ ગોચરી માટે રાજગૃહીમાં ગયા. પાછા ફરતાં દિવસનો ત્રીજો પ્રહર થઈ ગયો. દિવસના ત્રીજા પ્રહર પછી ભિક્ષાટન અને ગમનાગમન ન કરવાની સાધુચર્યા મુજબ એક મુનિ ગુફાના દ્વાર પર, બીજા ઉદ્યાનમાં, ત્રીજા ઉદ્યાનની બહાર અને ચોથા બાહ્ય ભૂભાગમાં રોકાઈ ગયા. હિમઋતુનો સમય હતો. રાત્રિ ગાઢ બની. ઠંડીના તરંગો મુનિઓના શરીરને કંપાવી રહ્યા. કષ્ટ સહન કરતાં ચારે મુનિ શાંતપણે ઊભા રહ્યા. અત્યંત ઠંડીના કારણે ગુફાના દ્વાર પાસે ઊભેલા મુનિ રાત્રિના પ્રથમ પ્રહરમાં, ઉદ્યાનમાં રહેલા મુનિ બીજા પ્રહરમાં, ઉદ્યાનની બહાર રહેલા ત્રીજા પ્રહરમાં, અને નગરની બાહ્યભૂમિમાં રહેલા મુનિ રાત્રિના ચતુર્થ પ્રહરમાં કાલધર્મ પામ્યા. પોતાની

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

સાધુચર્યામાં દઢ રહી ચારે મુનિઓએ મરણાંત કષ્ટ સહન કરી સાધુ-આચારનો અનન્ય આદર્શ ઉપસ્થિત કર્યો.

( વીરનિર્વાણની બીજી શતાબ્દીના મધ્યકાળમાં પડેલા બાર-બાર વર્ષના ભયંકર દુષ્કાળમાં શ્રી જૈનશાસનને અનેક આપત્તિઓ આવી. ઉચિત ભિક્ષાના અભાવમાં અનેક શ્રુતસંપન્ન મુનિઓ કાળને શરણ બન્યા. પૂર્વધરોમાં ચૌદ પૂર્વના જ્ઞાની શ્રી ભદ્રબાહુ સિવાય કોઈ ન રહ્યા. તે વખતે શ્રી ભદ્રબાહુસ્વામી નેપાળની પહાડીઓમાં મહાપ્રાણધ્યાનની સાધના કરી રહ્યા હતા. આથી સંઘને શ્રુતરક્ષાની ઘણી ચિંતા થઈ. આગમનિધિની સુરક્ષા માટે સાધુ સમુદાય નેપાળ પહોંચ્યો. સાધુઓએ હાથ જોડી શ્રી ભદ્રબાહુસ્વામીને પ્રાર્થના કરી કે, "સંઘનું નિવેદન છે કે આપ ત્યાં પધારી મુનિઓને દૃષ્ટિવાદની જ્ઞાનરાશિનો લાભ આપો." શ્રી ભદ્રબાહુસ્વામીએ પોતાની સાધનામાં વિક્ષેપ સમજી તે વાતનો અસ્વીકાર કર્યો. તેમના આ નિરાશાજનક ઉત્તરથી સાધુઓ પાછા ફર્યા અને સંઘને આ વાત જણાવી. સંઘને આથી ક્ષોભ થયો. દૃષ્ટિવાદની વાચનાનો સંભવ આચાર્ય શ્રી ભદ્રબાહુસ્વામી સિવાય બીજા કોઈ પાસે ન હતો. સંઘ દ્વારા વિશેષ સૂચન લઈ સાધુ સમુદાય ફરી નેપાળ ગયો અને આચાર્ય ભદ્રબાહુને વિનમ્ર સ્વરે કહ્યું કે—"સંઘનો એક પ્રશ્ન છે કે જે સંઘની આજ્ઞા ન સ્વીકારે તેમને માટે કયા પ્રકારના પ્રાયશ્ચિત્તનું વિધાન છે?"

પૂર્વશ્રુતસંપન્ન-શ્રુતકેવલી આચાર્ય શ્રી ભદ્રબાહુસ્વામી પણ આ પ્રશ્ન ઉપર શાસ્ત્રીય વિધાનનું ચિંતન કરતાં ગંભીર બની ગયા. શ્રુતકેવલી ક્યારે પણ મિથ્યા ભાષણ કરતા નથી. આચાર્ય ભદ્રબાહુ યથાર્થ નિરૂપણ કરશે એવો સર્વને વિશ્વાસ હતો, ને તેમ જ થયું. આચાર્ય ભદ્રબાહુએ સ્પષ્ટ કહ્યું કે—"જે શ્રમણસંઘના આદેશને સ્વીકારતા નથી તે સંઘબાહ્ય કરવા યોગ્ય છે." શ્રી ભદ્રબાહુસ્વામીનો ઉત્તર સાંભળી મુનિઓએ કહ્યું કે—"આપ પણ સંઘની વાતનો અસ્વીકાર કર્યો છે. આથી આપ પણ એ દંડને યોગ્ય નથી?" ત્યારે આચાર્ય શ્રી ભદ્રબાહુ-સ્વામીએ કહ્યું કે, "હું હમણાં મહાપ્રાણધ્યાનની સાધનામાં પ્રવૃત્ત છું. આ ધ્યાનની સાધનાથી ૧૪ પૂર્વનું સંપૂર્ણ શ્રુત એક મુહૂર્ત માત્રમાં પરાવર્તન કરી શકાય છે. એથી ત્યાં આવવા માટે હું અસમર્થ છું. તેમ છતાં હું સંઘની આજ્ઞાને સન્માનું છું; અને શ્રુતનો લોપ ન થાય તે માટે શ્રીસંઘ તેજસ્વી મુનિઓને અહીં મોકલે. હું તેમને પ્રતિદિન આગમની સાત વાચના આપીશ." )

સાધુઓએ 'સારું' એમ સંતોષપૂર્વક કહી શ્રી ભદ્રબાહુસ્વામીની વાતનો સ્વીકાર કર્યો અને તેમને વંદન કરીને ત્યાંથી પાછા ફર્યા. સંઘને તેમની સાથે થયેલી વાતચીત સંભળાવી. આથી સૌ શ્રમણગણ પ્રસન્ન થયો. મહાબુદ્ધિશાળી અને ઉદ્યમવંત શ્રી સ્થૂલિભદ્ર આદિ ૫૦૦ મુનિઓ શ્રીસંઘના આદેશથી આચાર્ય શ્રી ભદ્રબાહુ પાસે દૃષ્ટિવાદની વાચના ગ્રહણ કરવા પહોંચ્યા. આચાર્ય શ્રી ભદ્રબાહુ તેમને હંમેશાં સાત-સાત વાચના આપતા હતા. એક વાચના ભિક્ષાચર્યાથી આવતી વખતે, ત્રણ વાચના ત્રિકાળ વેળાએ અને ત્રણ વાચના પ્રતિક્રમણ બાદ રાત્રિકાળમાં આપતા હતા. તેમ છતાં વાચના આપવાનો ક્રમ મંદ ગતિથી ચાલી રહ્યો હોય, એવું આવેલા



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

મુનિરાજોને લાગી રહ્યું હતું. દૃષ્ટિવાદ અંગશાસ્ત્રનું ગ્રહણ ઘણું કઠિન અને દીર્ઘ પણ હતું. આથી મુનિઓની ધીરજ અને સ્વસ્થતા ખૂટવા લાગી. એક એક કરતાં ૪૯૯ શિક્ષાર્થી મુનિઓ વાચનાનો ક્રમ છોડીને ચાલી ગયા. એક માત્ર સ્થૂલિભદ્ર રહ્યા. તેમની ધીરજ ઘણી હતી. તેઓ એકનિષ્ઠાથી અધ્યયનમાં લાગી ગયા હતા. તેમને ક્યારેક એક પદ કે અર્ધ પદ શીખવાનું મળતું તો પણ તેઓ નિરાશ થતા ન હતા. આઠ વર્ષોમાં તેમણે આઠ પૂર્વોનું અધ્યયન કર્યું. આચાર્ય શ્રી ભદ્રબાહુસ્વામીની સાધનાનો કાળ લગભગ પૂરો થવા આવ્યો હતો. એ સમયે એક દિવસે આચાર્ય શ્રી ભદ્રબાહુસ્વામીએ પ્રથમ વખત સ્થૂલિભદ્ર મુનિને કહ્યું કે—“વિનેય! તમને માધુકરી પ્રવૃત્તિ અને સ્વાધ્યાયયોગમાં કોઈ પ્રકારનો ક્લેશ તો નથી થતો ને?”

મુનિ સ્થૂલિભદ્રે વિનમ્ર થઈ કહ્યું કે, “ભગવન્! મને મારી પ્રવૃત્તિમાં કોઈ કઠિનતા નથી. હું સંપૂર્ણ સ્વસ્થ મનથી અધ્યયન કરવામાં રત છું. આપશ્રીને એક પ્રશ્ન પૂછું કે મેં આઠ વર્ષમાં કેટલું અધ્યયન કર્યું ને કેટલું અધ્યયન બાકી છે?” આ પ્રશ્નના સમાધાનમાં આચાર્ય શ્રી ભદ્રબાહુસ્વામીએ કહ્યું કે—“મુનિ! તમે સરસવ જેટલું ગ્રહણ કર્યું છે અને મેરુ જેટલું જ્ઞાન બાકી છે. તમે દૃષ્ટિવાદના અગાધ જ્ઞાનસાગરમાંથી હજુ સુધી એક બિન્દુમાત્ર જ્ઞાન પ્રાપ્ત કર્યું છે.” આ જાણી મુનિ સ્થૂલિભદ્રે જણાવ્યું કે—“પ્રભુ! હું અગાધ જ્ઞાનની વાત પામી હતોત્સાહ થયો નથી; પરંતુ મને વાચના અલ્પ માત્રામાં મળી રહી છે; વળી આપના જીવનનો સંધ્યાકાળ છે. આટલા અલ્પ સમયમાં હું મેરુ જેટલું જ્ઞાન કેવી રીતે પ્રાપ્ત કરી શકીશ?” જ્ઞાનાર્થી સ્થૂલિભદ્રની ચિંતાનું કારણ જાણી આચાર્ય શ્રી ભદ્રબાહુસ્વામીએ આશ્વાસન આપ્યું કે—“મારી સાધના લગભગ પૂરી થવા આવી છે. પછી તને રાતદિવસ યથેષ્ટ સમય વાચના માટે આપીશ.”

મુનિ સ્થૂલિભદ્રનો અધ્યયનક્રમ ચાલી રહ્યો હતો. આચાર્ય શ્રી ભદ્રબાહુની મહાપ્રાણ-ધ્યાનની સાધના પૂર્ણ થઈ ત્યાં સુધીમાં બે વસ્તુ સિવાયની દશપૂર્વની વાચના ગ્રહણ કરી લીધી હતી. ‘તિત્થોગોલિયપઈન્ના’ મુજબ સ્થૂલિભદ્રે દશપૂર્વ પૂર્ણ કર્યા હતાં, અને અગિયારમા પૂર્વનું અધ્યયન ચાલુ હતું. ધ્યાન–સાધનાનો કાળ પૂર્ણ થવાથી આચાર્ય ભદ્રબાહુસ્વામી પાટલીપુત્ર પાછા ફર્યા. એકદા યક્ષા આદિ સાધ્વીઓ આચાર્યશ્રી ભદ્રબાહુસ્વામીને વંદન કરવા માટે આવ્યાં. મુનિ સ્થૂલિભદ્ર એ સમયે એકાંતમાં ધ્યાનરત હતા. આચાર્યશ્રી ભદ્રબાહુ પાસે પોતાના વડીલ બંધુને ન જોવાથી તેમણે પૂછ્યું કે, “ગુરુદેવ! અમારા વડીલ બંધુ સ્થૂલિભદ્ર ક્યાં છે?” શ્રી ભદ્ર-બાહુસ્વામીએ સ્થાન–વિશેષ બતાવ્યું. યક્ષા આદિ સાધ્વીઓ ત્યાં પહોંચી. બહેનોનું આગમન જાણી મુનિ સ્થૂલિભદ્ર કુતૂહલવશ પોતાની શક્તિ બતાવવા માટે સિંહનું રૂપ બનાવી બેસી ગયા. સાધ્વીઓ સિંહને જોઈ ભય પામ્યાં. તેઓ આચાર્ય ભદ્રબાહુ પાસે જઈને પ્રકંપિત સ્વરે બોલ્યાં કે, “ગુરુદેવ! આપે જે સ્થાનનો સંકેત આપ્યો હતો ત્યાં તો કેસરી સિંહ બેઠો છે. અમને લાગે છે કે અમારા ભાઈને સિંહ ખાઈ ગયો હશે!” શ્રી ભદ્રબાહુસ્વામીએ જ્ઞાનોપયોગથી સમગ્ર પરિસ્થિતિ જાણીને કહ્યું કે, “તે કેસરી સિંહ નથી, પણ તમારા ભાઈ છે. ફરીથી ત્યાં જાઓ, તમને તમારા ભાઈ મળશે. તેમને વંદન કરજો.”

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

આચાર્ય ભદ્રબાહુના આદેશથી બહેનો ફરીથી તે સ્થાને પહોંચી. વડીલ બંધુ મુનિ સ્થૂલિભદ્રને જોઈ પ્રસન્ન થઈ. સર્વ બહેનોએ વંદન કરી કહ્યું કે, "ભાઈ મહારાજ! અમે પહેલાં અહીં આવ્યાં હતાં, પણ આપ હતા નહિ. અહીં કેસરી સિંહ બેઠો હતો." મુનિ સ્થૂલિભદ્રે કહ્યું કે, "સાધ્વીઓ! મેં જ એ વખતે સિંહનું રૂપ ધારણ કર્યું હતું." પરસ્પર વાર્તાલાપ થયો. ભાઈ મહારાજ શ્રીયકના સમાધિમરણની ઘટના સ્થૂલિભદ્રને જણાવી. સ્થૂલિભદ્રને ખેદ થયો. યક્ષા વગેરે સાધ્વીઓ સ્વસ્થાને પાછી ફરી અને સ્થૂલિભદ્ર વાચના ગ્રહણ કરવા માટે આચાર્ય ભદ્રબાહુસ્વામી પાસે આવ્યા. સ્થૂલિભદ્રને જોઈ આચાર્ય ભદ્રબાહુએ તેમને કહ્યું કે, "વત્સ! જ્ઞાનનો અહંકાર વિકાસમાં બાધક છે. તમે શક્તિનું પ્રદર્શન કરી અપાત્ર ઠર્યા છો. આગળની વાચના માટે હવે તમે યોગ્ય નથી રહ્યા."

આચાર્યશ્રી ભદ્રબાહુસ્વામી દ્વારા આગમવાચના ન મળવામાં કારણભૂત પોતાની ભૂલ તેમને સમજાઈ. તે માટે ગાઢ પશ્ચાતાપ થયો. શ્રી ભદ્રબાહુસ્વામીનાં ચરણોમાં પડી તેમણે ક્ષમાયાચના કરી અને કહ્યું કે, "આ મારી પ્રથમ ભૂલ છે. ફરીથી આવી ભૂલ કરીશ નહિ. આપ મારી ભૂલને ક્ષમા આપી વાચના આપો." તેમની આ પ્રાર્થના આચાર્ય ભદ્રબાહુએ સ્વીકારી નહિ. મુનિ સ્થૂલિભદ્રે ફરીથી નમ્ર નિવેદન કર્યું કે, "પ્રભો! પૂર્વજ્ઞાનનો વિચ્છેદ થવાનો છે; પણ હું પૂર્વના વિચ્છેદનો નિમિત્ત ન બનું. માટે આપને વાચના આપવા માટે પ્રણામપૂર્વક પુનઃ નમ્ર વિનંતિ કરી રહ્યો છું." સ્થૂલિભદ્રને વાચના આપવા માટેની વિનંતિ સ્વીકાર કરવા સંઘે પણ વારંવાર વિનંતિ કરી. સર્વની ભાવના જોયા પછી, સમાધાનના સ્વરમાં દૂરદર્શી આચાર્યશ્રી ભદ્રબાહુસ્વામી બોલ્યા કે, "હે ગુણસંપન્ન મુનિવરો! સ્થૂલિભદ્રની માત્ર ભૂલને કારણે વાચના આપવાનું સ્થગિત કરતો નથી. વાચના ન આપવાનું બીજું પણ રહસ્ય છે. તે એ છે કે, મગધની રૂપલક્ષ્મી કોશા ગણિકાના બાહુપાશને તોડનાર અને અમાત્યપદના આમંત્રણને ઠુકરાવી દેનાર સ્થૂલિભદ્ર શ્રમણ સમુદાયમાં અદ્વિતીય છે. એમના જેવા પ્રતિભાસંપન્ન કોઈ નથી. એમના પ્રમાદને જોઈને મને લાગે છે કે હવે સમુદ્ર પણ મર્યાદાનું ઉલ્લંઘન કરવા લાગ્યો છે. ઉચ્ચકુલોત્પન્ન પુરુષોમાં અનન્ય, શ્રમણસમાજના ભૂષણ, ધીરગંભીર, દૃઢ મનોબલી, પરમ વિરક્ત આર્ય સ્થૂલિભદ્ર જેવી વ્યક્તિને પણ જ્ઞાનમદ આક્રાંત કરવામાં સફળ થયો છે, તો આગળ એના કરતાં પણ મંદ સત્ત્વવાળા સાધકો થશે. આથી પાત્રતાના અભાવમાં જ્ઞાનદાન કરવું તે જ્ઞાનની અશાતના છે. ભવિષ્યમાં બાકીની વાચનાઓ આપવામાં કોઈ પ્રકારના લાભની સંભાવના નથી. વાચના સ્થગિત કરવાથી આર્ય સ્થૂલિભદ્રને પોતાના પ્રમાદનો દંડ મળશે, અને ભવિષ્યમાં સાધુઓ માટે ઉચિત માર્ગદર્શન થશે."

શ્રી સ્થૂલિભદ્રે ફરી વાર પોતાની ભાવના શ્રુતધર આચાર્ય શ્રી ભદ્રબાહુ સમક્ષ રજૂ કરતાં કહ્યું કે, "હવે પછી હું ક્યારેય અન્ય રૂપ કરીશ નહિ. આપ કૃપા કરી બાકીના ચાર પૂર્વોનું જ્ઞાન આપી મારી ઇચ્છા પૂર્ણ કરો." મુનિ સ્થૂલભદ્રના અત્યંત આગ્રહથી આચાર્ય શ્રી ભદ્રબાહુસ્વામીએ તેમને બાકીના ચાર પૂર્વોનું જ્ઞાન અપવાદ સાથે મૂલસૂત્રથી આપ્યું. આથી શ્રી સ્થૂલિભદ્રને શ્રી ભદ્રબાહુસ્વામી દ્વારા દશ પૂર્વોનું જ્ઞાન અર્થ સાથે અને બાકીના ચાર પૂર્વોનું જ્ઞાન ફક્ત મૂળથી પ્રાપ્ત થયું.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

આચાર્યશ્રી ભદ્રબાહુસ્વામીના ચારેય શિષ્યોના સ્વર્ગવાસ પછી તેમની શિષ્યપરંપરા આગળ વધી શકી ન હતી. આચાર્યશ્રી સંભૂતિવિજય પછી શિષ્યપરંપરાનો વિસ્તાર શ્રી સ્થૂલિભદ્રથી થયો. આચાર્યશ્રી ભદ્રબાહુસ્વામી શ્રુતકેવલી હતા. તેમ જ આગમજ્ઞાનનો ખજાનો હતા. ૪૫ આગમોમાં છેદ આગમોનું મહત્ત્વનું સ્થાન છે. આચારશુદ્ધિ માટે વિભિન્ન પ્રકારનાં પ્રાયશ્ચિત્ત સંબંધી વિધિવિધાન મુખ્યપણે આ સૂત્રોમાં બતાવેલ છે. છેદ નામના પ્રાયશ્ચિત્તના આધારે પ્રાયઃ તેનું નામ છેદસૂત્ર થયેલ છે. (૧) દશા? તસ્કંધ, (૨) બૃહત્કલ્પ, (૩) વ્યવહારશ્રુત, (૪) નિશીથ —આ ચાર છેદસૂત્રોની રચના આચાર્ય ભદ્રબાહુસ્વામીની માનવામાં આવી છે.

આચાર્યશ્રી ભદ્રબાહુ ૪૫ વર્ષ સુધી ગૃહસ્થજીવનમાં રહ્યા. તેમનો ૧૭ વર્ષ સુધી સામાન્ય અવસ્થાનો સાધુપર્યાય હતો અને ૧૪ વર્ષ પર્યંત યુગપ્રધાનપદ વહન કર્યાનો સમય હતો. શ્રુતકેવલી આચાર્ય શ્રી ભદ્રબાહુસ્વામી વીરનિર્વાણ સં. ૧૭૦માં સ્વર્ગવાસ પામ્યા. ચૌદ પૂર્વની અર્થવાચનાની દૃષ્ટિએ તેમની સાથે શ્રુતકેવલીનો વિચ્છેદ થયો.

### ચરમ ચતુર્દશ પૂર્વધર, કોશાપ્રતિબોધક કામવિજેતા

## આચાર્યપ્રવર શ્રીમદ્ સ્થૂલિભદ્રસૂરિજી મહારાજ

કામવિજેતા આચાર્ય શ્રી સ્થૂલિભદ્રજીને શ્વેતાંબર પરંપરામાં અત્યંત ગૌરવમય સ્થાન આપવામાં આવે છે. તેઓ તીર્થંકર શ્રી મહાવીર પરમાત્માના શાસનના આઠમા પટ્ટધર હતા. દુષ્કાળને કારણે તૂટતી શ્રુતશૃંખલાને સુરક્ષિત રાખવાનું શ્રેય આચાર્ય શ્રી સ્થૂલિભદ્રજીની સુતીક્ષ્ણ પ્રતિભાને ફાળે જાય છે.

આચાર્ય સ્થૂલિભદ્રસ્વામીના ગુરુ આચાર્ય સંભૂતિવિજય હતા. મુનિશ્રી સ્થૂલિભદ્રજીએ આચાર્ય સંભૂતિવિજય પાસેથી ૧૧ અંગનું અધ્યયન કર્યું હતું. બાર વર્ષના દુષ્કાળ પછી ૧૨મા દૃષ્ટિવાદ અંગનું અધ્યયન આચાર્ય શ્રી ભદ્રબાહુસ્વામી પાસે કર્યું હતું. શ્રી જિનશાસનના સંચાલનનો ભાર આચાર્ય શ્રી ભદ્રબાહુસ્વામી પછી તેમના ઉપર આવ્યો હતો.

આર્ય સ્થૂલિભદ્ર બ્રાહ્મણપુત્ર હતા. તેઓ ગૌતમ ગોત્રના હતા. તેમનો જન્મ વીરનિર્વાણ સં. ૧૧૬માં પાટલીપુત્રમાં થયો હતો. ત્યારે પાટલીપુત્ર મગધની રાજધાની હતું. શ્રી સ્થૂલિભદ્રના પિતાનું નામ શકડાલ અને માતાનું નામ લક્ષ્મી હતું. શકડાલને નવ સંતાન હતાં. સ્થૂલિભદ્ર અને શ્રીયક નામે બે પુત્રો અને યક્ષા, યક્ષદત્તા, ભૂતા, ભૂતદિન્ના, સેણા, વેણા અને રેણા નામે સાત પુત્રીઓ હતી. સ્થૂલિભદ્રના પિતા શકડાલ ૯મા નંદ રાજાના મહા-અમાત્ય હતા. તેમના બુદ્ધિકૌશલ્યથી નંદસામ્રાજ્યની યશકીર્તિ ચારે તરફ ફેલાઈ હતી. સ્થૂલિભદ્રની માતા લક્ષ્મી ધર્મપરાયણ, સદાચારસંપન્ન અને શીલાલંકારધારિણી નારીરત્ન હતી. બુદ્ધિશાળી પિતાનાં સંતાન પણ બુદ્ધિસંપન્ન હોય એમાં આશ્ચર્ય નથી. શકડાલનાં બધાં સંતાનો બુદ્ધિસંપન્ન હતાં. સાતે પુત્રીઓની તીવ્ર સ્મરણશક્તિ આશ્ચર્યકારક હતી. પહેલી પુત્રી એક વારમાં, બીજી પુત્રી બે

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org